AAK-4319 Seat No.________

# M. A. (Sem. IV) Examination

## April / May - 2018

## CC - 403 : Gujarati

*(સમીક્ષા) (અપઠિત)*

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :** દરેક પ્રશ્ન સમાન ગુણ ધરાવે છે.

1 નીચેનામાંથી કોઈપણ **એક** વિશે નિબંધ લખો :

(1) મા, તું છો જ્યોર્તિધામ

(2) પ્રદૂષણ અને પર્યાવરણ

(3) પ્રકૃતિનાં રૌદ્ર-રમ્ય સ્વરૂપો

(4) સિનેમા અને સમાજ

2 નીચેનામાંથી કોઈપણ **એક** વિશે નિબંધ લખો :

(1) ગુજરાતી લોકસાહિત્ય

(2) મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

(3) મારી પ્રિય સાહિત્યકૃતિ

(4) આધુનિક ગુજરાતી કવિતા

3 નીચેની કાવ્યરચનાનો આસ્વાદ કરાવો :

ઓ હૃદય, તેં પણ ભલા કેવો ફસાવ્યો છે મને !
જે નથી મારાં બન્યાં, એનો બનાવ્યો છે મને !

મારા દુ:ખના કાળમાં એને કરું છું યાદ હું,
મારા સુખના કાળમાં જેણે હસાવ્યો છે મને

હોત દરિયો તો હું તરવાનીય તક પામી શકત,
શું કરું કે ઝાંઝવાંઓએ ડુબાવ્યો છે મને.

એ બધાંનાં નામ દઈ મારે નથી થાવું ખરાબ,
સારાં સારાં માનવીઓએ સતાવ્યો છે મને.

આ બધાં 'બેફામ' જે આજે રડે છે મોત પર,
એ બધાંએ જિંદગી આખી રડાવ્યો છે મને.

- બરકત વિરાણી 'બેફામ'

**અથવા**

3 ન રૂપ, નહીં રંગ, ઢંગ પણ શા અનાકર્ષક !
નહીં નયન વીજની ચમક, ના છટા ચાલમાં,
ગુલાબ નહીં ગાલમાં, નિરખી રોજે રોજે થતું,
કલા વિરૂપ સર્જને શિદ રહ્યો વિધિ વેડફી ?

અને નિરખું રોજ મોહક સુરેખ નારી કૃતિ -
પડ્યે નયનવીજ જેની ઉર-અદ્રિ ચૂરેચૂરા
ઢળે થઈ, અને વિરૂપ જડ નારીનો હું પતિ,
અતુષ્ટ, દઈ દોષ ભાગ્ય-બલને વહંતો ધુરા.

વહ્યા દિન અને બની જનની એ શિશુ એકની,
ઉમંગથી ઉછેરતી લઘુક પ્રાણના પિણ્ડને,
અને લઘુક પિણ્ડજીવનથી ઊભરાતું શિશુ,
થતું ઘૂંટણભેર, છાતી મહીં આવી છુપાય, ને
હસે નયન માતને નીરખી નેહની છાલક
મને થતું : તને અગર ચાહવા બની શકાય જો બાલક.

- જયંત પાઠક

4 નીચેના પરિચ્છેદનો ગુજરાતીમાં અનુવાદ કરો :

At the outset we are met by a distinction which separates works of art into to classes - the distinction between the 'fine' arts and the 'lesser' or 'mechanical' arts. The fine arts are architecture, sculpture, painting, music and poetry. The lesser arts are those of the smith, the carpenter, the cabinet-maker, the mason, the potter, the weaver, the glass-maker, the house painter and others like them. The distinction which separates these two classes is based upon the fact that broadly speaking the arts of the first class minister to the enjoyment of man, while those of the latter minister to his needs. They are both a like manifestations of the development of man, but the fine arts are concerned mainly with his moral and intellectual growth, and the lesser arts with his physical and material well-being, and between these typical arts of the second class and the fine arts there others, such as engraving on wood or copper, painting on chine or glass, carving in wood, the designing of decorations foe walls or patterns for fabrics, which may belong to either class according to the degree of merit displayed by the artist.

અથવા

In the art of sculpture the material basis is the stone or metal which is chiselled or moulded by various processes into the forms of animate or inanimate objects. The sculpture has all the attributes of reality except movement at his disposal, for his work possesses solidity, form, and if he chooses, colour, just as much as the real persons or objects which he represents. It is only, therefore, when he represents persons in motion that he needs to employ any artifice to beguile the eye of the spectator. But the absence of this

attribute of movement forms a natural limit to the field of external reality which he is free to represent, and as a result of this limit, the special and most appropriate subjects of the art of sculpture are separate figures or separate busts, or small groups of figures all alike in response.

5 કોઈપણ બે કાવ્યપંક્તિનો અર્થ વિસ્તાર કરો.

(1) મને મળી નિષ્ફળતા અનેક,
તેથી થયો સફળ કંઈક હું જિંદગીમાં.

(2) મન મેલાં તન ઊજળાં, બગલા કપટી અંગ,
તેથી તો કાગા ભલા, તનમન એક જ રંગ.

(3) બસ એટલી સમજ મને પરવર દિગાર દે,
સુખ જ્યારે, જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.

(4) દુનિયા ભરમાવા ભોળી રે,
ચાલ્યો બાવો ભભૂતિ ચોળી રે.

અથવા

5 કોઈપણ બે ગદ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો :

(1) રમણીય અર્થનું પ્રતિપાદન કરનાર શબ્દ તે કાવ્ય.

(2) આળસ એ પરમેશ્વરે આપેલા હાથપગનું અપમાન છે.

(3) ભૂખ કરતાં ભીખ ભૂંડી છે.

(4) શીલ તેવી શૈલી.

---